# ઈરાન યુદ્ધઃ રફ ડાયમંડનું ઓક્શન અને સપ્લાય અટક્યા

**ઈરાન-**અમેરિકા-ઇઝરાયલ યુદ્ધની આગ સુરતના હીરા ઉદ્યોગ સુધી પહોંચવાની દેહશત, કરોડોનો તૈયાર માલ એરપોર્ટ-બંદરે અટવાયો

**60થી** 65 ટકા રફ ડાયમંડ ટ્રેડિંગના ટેન્ડરિંગ દુબઈમાં થાય છે, રફની ડિલીવરી અટકીઃ દિનેશ નાવડીયા

સુરતઃ ઈરાન યુદ્ધ, એર સ્પેસ બંધ થતા વાયા દુબઈ રફ ડાયમંડનું ઓક્શન અને સપ્લાય અટકી પડ્યા છે. ઈરાન-અમેરિકા-ઇઝરાયલ યુદ્ધની આગ સુરતના હીરા ઉદ્યોગ સુધી પહોંચવાની દેહશત વચ્ચે કરોડોનો તૈયાર માલ એરપોર્ટ-બંદરે અટવાયો હોવાના અહેવાલો મળી રહ્યાં છે. એક્સપોર્ટ ઠપ થયો છે. નાના રત્નકારોને છૂટા કરવાની દહેશત વચ્ચે યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષાના કારણે એર કાર્ગો ફ્લાઈટ્સ રદ કરવા આવી છે. એટલું જ નહીં, 50% અમેરિકન ટેરિફ ઝીરો ટકા થયા પછી સારા વેપારની આશા પર પાણી ફેરી નાખ્યું છે.

અમેરિકા અને ઇઝરાયલના સંયુક્ત હુમલા પછી ઈરાન દ્વારા મિડલ ઈસ્ટના યુએઈ, સઉદી અરેબિયા, બેહરીન સહિતના દેશોમાં અમેરિકન બેઝ કેમ્પ પર કરવામાં આવેલા હુમલાઓના કારણે સુરત, ગુજરાત તેમજ મુંબઈના હીરા ઉદ્યોગ પર ભારે અસર જોવા મળી રહી છે. યુદ્ધના કારણે વિદેશી એર કાર્ગો ફ્લાઈટ્સ રદ થઈ જતાં સુરત અને મુંબઈના એરપોર્ટ તેમજ બંદરો પર કરોડો રૂપિયાનો તૈયાર માલ અટવાઈ પડ્યો છે.

## ટેરિફમાં રાહત પછી પણ વેપાર પર પાણી ફર્યું

ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટિટ્યૂટના ચેરમેન અને GJEPCના પૂર્વ ગુજરાત પ્રેસિડેન્ટ દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું કે, હાલમાં જ અમેરિકન ટેરિફ 50 ટકાથી ઘટાડીને ઝીરો ટકા કરવામાં આવ્યા હતા, જેના કારણે ઉદ્યોગમાં સારા વેપારની આશા જાગી હતી. પરંતુ ઈરાન યુદ્ધે આ બધી આશાઓ પર પાણી ફેરવી નાખ્યું છે. સુરક્ષાના કારણોસર યુદ્ધગ્રસ્ત વિસ્તારો તરફની એર કાર્ગો સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. પરિણામે તૈયાર માલ વિદેશ મોકલી શકાતો નથી અને વેપારીઓને ડર છે કે જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો પેમેન્ટ ફસાઈ જવાની મોટી સમસ્યા ઊભી થશે. દિનેશ નાવડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, 60થી 65 ટકા રફ ડાયમંડ ટ્રેડિંગના ટેન્ડરિંગ દુબઈમાં થાય છે. લોકોને આવવા-જવાની સરળતાના કારણે જ્યારે પણ ટેન્ડરનો ટાઈમ મળે એ દિવસે જ આ લોકો અહીંથી નીકળતા હોય છે કે જેથી કરીને ટાઈમ ન બગડે. આવા ઘણાં લોકો ટેન્ડર સિસ્ટમમાં જે કંઈ એપોઇન્ટમેન્ટ લીધી હશે, એ એરઇન્ડિયા એક્સપ્રેસ અને ઇન્ડિગોની ફ્લાઈટ રદ થતા ટાઈમે ત્યાં પહોંચી નહીં શકે, તેમણે ફરી એપોઇન્ટમેન્ટ લેવી પડશે. આના કારણે રફ સપ્લાયની ચેઇનમાં થોડી મુશ્કેલી ચોક્કસ ઉભી થશે. વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે વિદેશી ખરીદદારો નવા ઓર્ડર આપતા ખચકાઈ રહ્યા છે.

## જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર પર અસર : નૈનેષ પચ્ચીગર

ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ નૈનેષ પચ્ચીગરે જણાવ્યું હતું કે, "ઈરાન, ઈઝરાયલ, યુ.એસ. અને બીજા સંલગ્ન 7 દેશ સાથે જે યુદ્ધના સમાચાર આવ્યા છે, તેનાથી જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં એની સીધી અસર જોવા મળશે. કારણ કે હાલમાં જ ટેરિફ ઓછો થયો અને જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરને જે રાહત મળી હતી, તેનાથી આશા બંધાઈ હતી કે હવે અમારું એક્સપોર્ટ પહેલાની જેમ ફુલફિલ થશે અને ઘણા વર્ષોથી મંદીના માહોલમાં રહેલી ડાયમંડ ઇન્ડસ્ટ્રીને રાહત મળી હતી. જેને પગલે નાના રત્નકલાકારોને પણ રોજીરોટી મળવાની સંભાવના હતી. હવે એવું લાગી રહ્યું છે કે યુદ્ધની અસરો અમારી જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર પર જોવા મળશે.

## રાજસ્થાનની હોળીનો રંગ સુરતમાં પણ જોવા મળે છે



(તસવીર : સતીષ જાદવ)

■ રાજસ્થાનમાં હોળીનો તહેવાર દિવાળી કરતાં પણ વધુ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. અહીંની કાપડ માર્કેટમાં 90 ટકા વેપારી રાજસ્થાનના હોવાથી ત્યાંનો રંગ અને ઉજવણીની રસમ અહીં પણ જોવા મળે છે.

# હીરાપેઢીના મેનેજર સાથે ઠગાઈ કરનાર ઝડપાયો

**RTOની** APK ફાઈલથી 70 હજાર ટ્રાન્સફર કરી દીધા હતા

સુરતઃ કતારગામ હીરાની પેઢીના મેનેજર મોબાઈલ પર આવેલી RTOની APK ફાઈલ પર ક્લિક કરતાં બેંક ખાતામાંથી 70,379 રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આ કેસમાં પોલીસે એક આરોપીને જૂનાગઢથી પકડી પાડ્યો છે. કતારગામની આશિષ સોસાયટીમાં રહેતા અને ગોતાલાવાડી ખાતે એચ.વી.કે. ડાયમંડમાં મેનેજર તરીકે ફરજ બજાવતા નીતિનભાઈ મથુરભાઈ માંડવીયા ગત 29 નવેમ્બરના રોજ પોતાની ઓફિસે હાજર હતા. આ દરમિયાન તેમના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા નંબર પરથી 'RTO ઈ-ચલણ'ના નામે એક APK ફાઈલ આવી હતી. ફાઈલ ખોલતાની સાથે જ તેમનો ફોન હેક થઈ ગયો હતો. તારીખ 1 ડિસેમ્બરના 2025 રોજ નીતિનભાઈના ભાઈ પરેશનો ફોન આવ્યો હતો. પરેશે જણાવ્યું કે, તારા નંબર પરથી મને અને અન્ય લોકોને બોગસ RTO ચલણની લિંક આવી રહી છે, તારો ફોન હેક થયો લાગે છે. આ સાંભળી નીતિનભાઈએ તાત્કાલિક પોતાનું ઈન્ડસઈન્ડ બેંકનું એકાઉન્ટ ચેક કર્યું તો તેમના હોંશ ઊડી ગયા હતા. તેમના ખાતામાં જમા થયેલા રૂ. 70,000 અને અન્ય રૂ. 379 મળી કુલ રૂ. 70,379 અજાણ્યા ઠગોએ ટ્રાન્સફર કરી લીધા હતા. આ મામલે સાયબર સેલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણ થઈ હતી કે આ ફ્રોડના નાણાંથી એક ક્રેડિટ કાર્ડનું બીલ ભરવામાં આવ્યું છે. પોલીસે ક્રેડિટ કાર્ડના માલિક બોડુભાઈ મામદભાઈ ભલેજા (ઉં.વ.,39 રહે., મજેવડી દરવાજા બહાર યુનારાવાસ, જુનાગઢ)ને પકડી પાડ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મો.વ. બુનકી જીવનભારતી બાળભવનમાં ચાલો કરતબ નિહાળીએ કાર્યક્રમ યોજાયો



સુરત : જીવનભારતી મોવ બુનકી બાળભવનમાં ચાલો કરતબ નિહાળીએ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્સરી, જુનિયર કે.જી અને સિનિયર કે.જી બાળકો શરીર અને મનથી મજબૂત બને તે હેતુસર પ્રાર્થના ,યોગ ,જિમ્નાસ્ટિક, સ્કેટિંગ, કરાટે અને રીંગદાવના કરતબોની પ્રસ્તુતિ કરી હતી.આ કાર્યક્રમમાં બાળકોએ પોતાના માતા -પિતા સાથે પહેલું સુખ તે જાતે નર્યા ને યોગ કરી સાર્થક કર્યું. જીવનભારતી શાળાના વિદ્યાર્થીઓની વિશિષ્ઠ ઉપસ્થિતિ હતી. કાર્યક્રમમાં જીવનભારતી મંડળના મંત્રી મયંકભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ અને બાળભવનના ભવન પ્રતિનિધિ ચિંતનભાઈ શાહ, હરેશભાઈ જરીવાળા અને વૈભવીબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમ આચાર્યા રચનાબેન ચોખાવાળાના માર્ગદર્શન હેઠળ બાળભવન પરિવાર દ્વારા સમ્પન્ન કરવામાં આવ્યો હતો.

### મહિલા વકીલો તિલક હોળી અને આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવશે

સુરતઃ ભારતીય પરંપરાગત વર્ષોથી આંતરરાષ્ટ્રીય મહીલા દિવસ અને તિલક હોળીની ઉજવણી મહિલા વકીલો કરશે એડવોકેટ પ્રીતિ જોષીએ જણાવ્યું હતું કે વર્ષોથી મહીલાઓને પ્રોત્સાહીત કરી વકીલાત સહીતની અલગ અલગ ફિલ્ડમાં મહીલાઓ આગળ આવે તે માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે કાર્યક્રમોમાં તિલક હોળી, આંતરાષ્ટ્રીય મહીલા દિન, મેડીકલ કેમ્પ, સ્વ બચાવના વર્ગો, બંધારણ દિવસ, મહીલાઓ માટે શ્રાવણમાસમાં વિનામુલ્યે પ્રવાસ, લીગલ કેમ્પ સહીતના આયોજનો કરવામાં આવે છે. આ વખતે પણ તારીખ :- ૦૨/૦૩/૨૦૨૬ ના સોમવારના રોજ બપોરે એક કલાકે ગાંધી સિનેમા હોલ ખાતે મર્દાની-૩ ફિલ્મ જોવા સુરત, ગાંધીનગર, વડોદરા, અમદાવાદ, ગાંધીધામ, કચ્છ, નડીયાદથી રસ ધરાવનાર અંદાજે ૫૦૦ મહીલા વકીલો જોડાશે.

### શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે હોળીના રસિયાની રમઝટ



સુરતઃ ડુમસ રોડ ઉપર સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રવિવારે હોળીના રસિયાનો કાર્યક્રમ યોજાયો હતો. વૈષ્ણવાચાર્ય ગોસ્વામિ વ્રજરાજકુમારજીની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા. આ પ્રસંગે વચનામૃત આપતા શ્રી વ્રજરાજકુમારજીએ કહ્યું હતું કે હોળીનો ઉત્સવ એ શ્રદ્ધા અને વિશ્વાસનો ઉત્સવ છે. હોળી સમયે ગવાતા રસિયા દ્વારા ભક્તોનાં હૃદયમાંથી સખ્ય ભાવની વાણી પ્રગટ થતી હોય છે.શ્રી ગોવર્ધનનાથજીની હવેલી દ્વારા ગત રવિવારે આયોજિત કરવામાં આવેલા છપ્પન ભોગ મનોરથનો ઉલ્લેખ કરી વ્રજરાજકુમારજીએ કહ્યું હતુ કે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી દ્વારા વૈષ્ણવોને આવા કાર્યક્રમોનો લાભ મળે છે, એ વૈષ્ણવોનું સૌભાગ્ય છે. કાર્યક્રમમાં સુરતનાં યમુના મંડળ દ્વારા રસિયાની રમઝટ રમાડવામાં આવી હતી.

### એસ.ડી. સી.એ.ની સિનીયર અને અંડર-૧૯ મહિલા ક્રિકેટ પંસદગી નેટ યોજાશે

સુરત : સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની એક અકબારી યાદીમાં ક્રિકેટ સેક્રેટરી નૈમેષ દેસાઈ જણાવે છે કે ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ રમાનાર આંતર જિલ્લા મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટની તૈયારી રૂપે સુરત જિલ્લાની ક્રિકેટ ટીમ પસંદગી માટે મંગળવાર તારીખ 03 માર્ચ,2026ના રોજ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર સવારે સાત વાગે પસંદગી નેટ માટે હાજર રહેવું. અંડર -૧૯ - કટ ઓફ ડેટ : તારીખ 1 સપ્ટેમ્બર 2007 થી ૩૧ ઓગસ્ટ 2010 વચ્ચે જન્મેલા મહિલા ખેલાડીઓ સિલેક્શનમાં ભાગ લઈ શકશે.ર

### પીડી વિદ્યાકુંજ વનિતાવિશ્રામમાં સાયન્સ ડે



સુરત : અઠવાગેટ સ્થિત વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ , અંગ્રેજી માધ્યમ શાળામાં નેશનલ સાયન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો દ્વારા વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતાં. જેને માટે ચેરમને ક્રિપ્લાની દેસાઇ, સેક્રેટરી મનહર દેસાઇ અને વાઇસ ચેરમેન પ્રવિણ વોરાએ શુભકામના પાઠવી હતી. આચાર્યા જ્યોતિકા રામનાનીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ફોન પર વાત કરતાં પટકાવાના બે બનાવમાં બેનાં મોત

સુરતઃ પાંડેસરામાં ફોન પર વાત કરતાં પહેલા માળેથી નીચે પટકાતા શ્રમિકનું મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના વતની લોકનાથ સિદ્ધિનાથ યાદવ (ઉં.વ.34) હાલ પાંડેસરા બમરોલી રોડ પર આવેલા અમૃતનગરમાં રહેતો હતો શનિવારે રાત્રે તે ફોન પર વાત કરતી વખતે પહેલા માળેથી નીચે પટકાયો હતો. તેને હોસ્પિટલમાં ખસેડાતાં તેને મૃત જાહેર કરાયો હતો.મૂળ મહેસાણાના કડીના અને હાલ પીપલોદમાં રહેતા અજયભાઈ વિજયભાઈ ઠાકોર (ઉં.વ.30) શનિવારે રાત્રે અજયભાઈ તેમની બહેન સાથે બારીના ભાગે બેસીને ફોન પર વાત કરી રહ્યા હતા. ત્યારે તેઓ નીચે પટકાયા હતા. ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે અજયભાઈને મૃત જાહેર કર્યા હતા.

### ડિંડોલીના આધેડે ઓફિસમાં ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃ ડિંડોલીના આધેડે ઓફિસમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની વિલાસ પુંડલિક પાટીલ (ઉં.વ.53) હાલ ડિંડોલી પાંડેનગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. વિલાસભાઈની ડિંડોલીમાં કન્સ્ટ્રક્શનની ઓફિસ ધરાવે છે, શનિવારે સાંજે તેમણે ઓફિસમાં લોખંડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

### શહેરમાં અચાનક બેભાન થયા બાદ મહિલા સહિત બેનાં મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈ જતાં મહિલા સહિત બેના મોત થયા હતા. જેમાં હરિપુરામાં દાગીના પોલીસ કરતી વખતે ઢળી પડતા યુવકનું તેમજ ભેસ્તાનમાં ઘર કામ કરતી વખતે ઢળી પડતા મહિલાનું મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, પશ્ચિમ બંગાળના વતની શ્રીમંતાભાઈ સ્વાપન પુરોહિત (ઉં.વ.42) હાલ હરીપુરા વિસ્તારમાં આવેલ રત્નાકર બિલ્ડિંગમાં રહેતો હતો અને ત્યાં જ દાગીના પોલીસ કરવાનું કામ કરતો હતો. શનિવારે સાંજે શ્રીમંતાભાઈ કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક ઢળી પડ્યો હતો. તેને હોસ્પિટલમાં ખસેડાતાં તીબોએ મૃત જાહેર કર્યો હતો. બીજા બનાવમાં, મૂળ બિહારના વતની પ્રભાવતિદેવી બચ્ચા મહંતો (ઉં.વ.42) હાલ ભેસ્તાન ગણેશનગરમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતી હતી. શનિવારે મધરાત્રે પ્રભાવતિદેવી ઘરનું કામ કરી રહી હતી. ત્યારે અચાનક બેભાન થઈને ઢળી પડી હતી. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે પ્રભાવતિદેવીને મૃત જાહેર કરી હતી.

# દાદા-દાદી ઉપર પુત્ર-પુત્રવધુ સાથે પૌત્રનો પણ અત્યાચાર

**દાદા-દાદીને** ન્યાય માટે મેઇન્ટેનન્સ ટ્રિબ્યુનલનો દરવાજો ખખડાવવો પડયો

**વૃદ્ધાવસ્થામાં** સંતાન નહીં, કાયદો બન્યો સહારો, માસિક 5 હજાર ચૂકવવા હુકમ

સુરતઃ સામાન્ય રીતે સમાજમાં પુત્ર-પુત્રવધુ કરતાં પૌત્ર દાદા-દાદીનો લાડકો અને સૌથી નજીકનો લાગણી સભર સંબંધ હોય છે. પરંતુ ક્રિશ્ચન સમાજના એક પરિવારમાં જૈફ વયે પહોંચેલા વયોવૃદ્ધ દંપતીને આજે ન્યાય માટે Maintenance and Welfare of Parents and Senior Citizens Act, 2007 હેઠળ દાદ માંગવી પડી છે.

મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, સિટી પ્રાંત સમક્ષ રજૂ થયેલાં આ કેસની વિગત એવી છે કે અડાજણ જયરણછોડ કોમ્પલેક્સમાં રહેતાં આઈવન ઈમેન્યુઅલ રાઠોડ (ઉં.વ. ૭૫) અને ફેનીબેન આઈવન રાઠોડ (ઉં.વ.૭૪) એ તાલુકા કાનૂની સેવા સમિતિ હેઠળ એડવોકેટ મયુર આર. પટેલ મારફતે પોતાના પુત્ર ફ્રાન્ઝ આઈવન રાઠોડ, પુત્રવધુ સ્તુકુબા ફ્રાન્ઝ રાઠોડ અને પૌત્ર સ્માર્ક ફ્રાન્ઝ રાઠોડ વિરુદ્ધ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતાની જીવનભરની બચતમાંથી ખરીદેલી મિલકતમાં તેમના પુત્ર-પુત્રવધુ તથા પૌત્ર બળજબરીપૂર્વક રહે છે અને વયોવૃદ્ધ દંપતીની સુરક્ષા, શાંતિ અને આરોગ્ય માટે જોખમ ઊભું કરી રહ્યા હતા. વધુમાં તેઓ કોઈપણ પ્રકારનું ભરણપોષણ કે સાર સંભાળ રાખતા ન હતા.

પુત્ર, પુત્રવધૂ તથા પૌત્ર સાથે મળીને આ વયોવૃદ્ધ દંપતિ સાથે દુર્વ્યવહાર તથા શારીરીક-માનસિક ત્રાસ આપી અપમાન કરે છે તથા ઘરમાંથી કાઢવાનો પ્રયાસ કરી મિલકત પર બળજબરીથી કબજો જમાવવા ઈચ્છે છે. આ કેસમાં લીગલ એડ મારફતે એડવોકેટ મયુર આર. પટેલે દસ્તાવેજી પુરાવા, અગાઉ થયેલા કોર્ટના હુકમો અને કાયદાકીય જોગવાઈઓના આધારે દલીલો રજૂ કરી હતી.

આ કેસમાં મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સિટી પ્રાંતે ફરિયાદીની અરજી અંશતઃ ગ્રાહ્ય રાખી ધી મેઈન્ટેનેન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ-૨૦૦૭ ની કલમ ૯(૨) અને ગુજરાત માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોનાં નિભાવ અને કલ્યાણ માટેનાં નિયમો ૨૦૧૧ નાં નિયમ ૩૧ હેઠળ સામાવાળા પિતા પુત્ર દ્વારા અલગ અલગ રૂ.૨૫૦૦ મળી રૂ. ૫૦૦૦ ફરિયાદીને માસિક ધોરણે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

# ચોકલેટની લાલચ આપી બાર વર્ષની તરુણીને પીંખી નાંખી

**બે** સંતાનનો પિતા બળાત્કાર કર્યા બાદ કંઇ જ નહીં થયું હોય તેમ બેડ પર સુઇ ગયો હતો

**બાળકીએ** ઘરે જઇને રડતાં રડતાં હકીકત જણાવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો

સુરતઃ શહેરના પાંડેસરા વિસ્તારમાં શ્રમિક પરિવારની ૧૨ વર્ષની માસૂમ બાળકી પર પાડોશમાં રહેતા ૨૭ વર્ષીય હવસખોર યુવકે બળાત્કાર ગુજાર્યો હોવાની શરમજનક ઘટના સામે આવી છે. ચોકલેટની લાલચ આપીને ઘરે બોલાવી આરોપીએ નાપાક હરકત કરી હતી. પોલીસે તેને ઝડપી પાડ્યો છે.

પાંડેસરા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા યુપીવાસી શ્રમિક પરિવારની ૧૨ વર્ષની દીકરી ગત ૨૮મી તારીખે ઘરે એકલી હતી. પિતા કામ પર ગયા હતા અને માતા શાકભાજી લેવા બહાર ગઈ હતી. આ તકનો લાભ ઉઠાવી પાડોશમાં રહેતા સુનીલ રમેશકુમાર નિશાદે (ઉં.વ. ૨૭) માસૂમ બાળકીને ચોકલેટની લાલચ આપી પોતાના રૂમમાં બોલાવી હતી. તેણે તેની સાથે દુષ્કર્મ કર્યું હતું ત્યાર બાદ 'જો કોઈને કહીશ તો તારા પરિવારને પતાવી દઈશ' તેવી ધમકી આપી હતી. આ ધમકીથી ડર્યા વગર કિશોરી ત્યાંથી ભાગી છૂટી હતી અને ઘરે જઈ રડવા લાગી હતી.

માતા પરત ફરતા દીકરીએ હવસખોરની કરતૂત જણાવી દીધી હતી. માતાએ તાત્કાલિક ૧૧૨ પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી ત્યારે તે કંઇ જ નહીં થયું હોય તેમ બેડ પર આરામ કરતાં હતાં.

# ઈમરજન્સીમાં ફાયરની ગાડીઓ જ બહાર નીકળી શકતી નથી



**રમઝાન** માસમાં નમાઝ સમયે ફાયર સ્ટેશન પાસે વાહનો પાર્ક ન કરવા ફાયર ઓફિસરની અપીલ, સામાજિક અગ્રણીઓ સાથે બેઠક યોજી

સુરતઃ મુગલીસરાઈ સ્થિત મનપાની મુખ્ય કચેરીની બાજુમાં આવેલા મલ્ટિલેવલ પાર્કિંગ પાસેની દરગાહમાં હાલ પવિત્ર રમઝાન માસ નિમિત્તે મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં નમાઝ પઢવા માટે એકત્રિત થાય છે. વહેલી સવારે 5થી 6 વાગ્યાના સમયગાળા દરમિયાન આવતા નમાજીઓ દ્વારા પોતાના ટુ-વ્હીલર વાહનો મનપાના મુખ્ય ગેટની સામે અને ખાસ કરીને ફાયર સ્ટેશનની ગાડીઓના બહાર નીકળવાના માર્ગ પર જ અસ્તવ્યસ્ત રીતે પાર્ક કરી દેવામાં આવે છે. રવિવારે વહેલી સવારે જ્યારે કતારગામ વિસ્તારમાં કચરામાં આગ લાગવાનો કોલ મળ્યો ત્યારે આ સમસ્યા અંગે ફાયર વિભાગને જાણ થઈ હતી. મુગલસરાઈ ફાયર સ્ટેશનથી ગાડી રવાના કરવાની હતી, પરંતુ બહાર વાહનોનો જમાવડો હોવાથી ફાયરની ગાડીને નીકળવામાં ઘણો સમય લાગ્યો હતો. સદનસીબે આ આગ મામુલી કચરામાં લાગી હતી, પરંતુ જો કોઈ મોટી દુર્ઘટના બની હોત તો સમયનો આ વિલંબ મોટી જાનહાનિ કે હોનારત નોતરી શક્યો હોત. આ ઘટનાને ગંભીરતાથી લઈને ફાયર ઓફિસર બળવંતસિંહે તાત્કાલિક મુસ્લિમ સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. તેઓએ સમજાવ્યું હતું કે ફાયર બ્રિગેડનો માર્ગ હંમેશા ખુલ્લો રહેવો અનિવાર્ય છે. સામાજિક અગ્રણીઓએ પણ આ બાબતે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.

# રિક્ષાવાળાના નામે ખોટી ફર્મ બનાવી આઈટી રિટર્ન ભરાયું

**ઉદયપુરના** રિક્ષાચાલકે પુણા પોલીસમાં ફરિયાદ આપતા બે સામે ગુનો નોંધાયો

સુરતઃ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના રિક્ષાચાલક યુવાનના નામે સુરતમાં ખોટી ફર્મ ઊભી કરી આઈટી રિટર્ન ફાઈલ કરી આર્થિક છેતરપિંડી આચરવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

ઉદયપુર જિલ્લાના સાયરાના રમનપાલછ ગામમાં રહેતા લેહરીલાલ લાલુરામ ગમેતી (ઉં.વ.26) રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આરોપી હરીસિંહ ભવરસિંહ શેતાવત (રહે., પાલછ, તા. સાયરા, જિ. ઉદયપુર, રાજસ્થાન) અને હિતેશ જૈન (રહે., સુરત)એ ફરિયાદીના નામે પુણાગામ સ્થિત કેનાલ રોડ પર આવેલા પોલારિસ મોલની દુકાન નં. 137માં "શ્રી શંકર ફેશન" નામેની ખોટી ફર્મ ઊભી કરી હતી. આરોપીઓએ લેહરીલાલના દસ્તાવેજોનો ગેરવપરાશ કરી તેમના નામે આઈટી રિટર્ન પણ ફાઈલ કર્યા હતા.

ફરિયાદ મુજબ આરોપીઓએ મનોહરલાલ નંદારામ ભીલ, બાબુલાલ પદારામ ગમેતી, ભેરારામ ધુલારામ ભીલ, ભેરારામ હેમારામ ભીલ, કાલુરામ ભીમારામ ભીલ, નંદારામ ગંજીગરામ ભીલ, કસનારામ સવારામ ભીલ, ધુલારામ કાલુરામ ભીલ, પન્નારામ ટિકારામ ભીલ, કેસારામ પરતારામ ભીલ, ખેતારામ કેસારામ ભીલ, મનોહરલાલ પરથારામ ભીલ અને શંકર ભાજારામ સહિત કુલ 13 લોકો સાથે આર્થિક લેવડદેવડના બહાને છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર ગુનો તા. 01/02/2024થી તા. 31/07/2024 દરમિયાન બન્યો હોવાનું નોંધાયું છે.

લેહરીલાલને સમગ્ર બનાવની જાણ થતાં તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પુણા પોલીસે ફરિયાદના આધારે હરીસિંહ શેતાવત અને હિતેશ જૈન સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને કાવતરું રચવાના ગુનાઓ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કતારગામની જ્વેલરી શોપમાં ચોરી કરનાર ઝડપાયો

**૧૧.૭૩** લાખનો મુદ્દામાલ કબજે, અન્ય ચાર ગુનાઓના ભેદ પણ ઉકેલાયા

સુરતઃ કતારગામની બ્લુબેલા જ્વેલર્સ નામની દુકાનમાંથી લાખોની મતા ચોરી કરી ફરાર થઈ ગયેલા બે રીઢા તસ્કરોને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે ઉત્તરપ્રદેશના જૌનપુર ખાતેથી દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી સોના-ચાંદીના દાગીના, રોકડ અને બાઈક મળી કુલ ૧૧.૭૩ લાખનો મુદ્દામાલ હસ્તગત કરી અન્ય ચાર ગુનાઓના ભેદ પણ ઉકેલી નાખ્યા છે.

ગત ૨૧મી ફેબ્રુઆરીના રોજ મોડી રાત્રે કતારગામ સ્થિત જીરકોન પ્લસ બિલ્ડિંગમાં આવેલી 'બ્લુબેલા જ્વેલ્સ'ના તાળા તોડી તસ્કરો હીરા જડિત સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ ૧૨,૨૬,૪૧૯ની મતા ચોરી ગયા હતા. આ મામલે તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ચોરીને અંજામ આપનાર ટોળકી ઉત્તરપ્રદેશના જૌનપુર જિલ્લામાં છુપાયેલી છે. જે આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે જૌનપુરના બરસઠી પોલીસ સ્ટેશન વિસ્તારના ચર્તુભુજપુર પુલ પાસેથી કિશન કમલાશંકર દુબે (રહે., ગહલી, યુપી) અને સુનીલ સંતોષભાઈ સાહુ (રહે., રાજમંદીર રેસીડેન્સી, કડોદરા)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૮.૪૭ લાખની મતા સ્થળ પર કબજે કરી હતી. આરોપી સુનીલ સાહુનીના ઘરે દરોડા પાડી ૨૩.૫૮ ગ્રામ સોનાના અને ૬૧.૧૪ ગ્રામ ચાંદીના દાગીના તેમજ ગુનામાં વપરાયેલ બાઈક મળી વધુ ૩.૨૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આમ, કુલ ૧૧,૭૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પકડાયેલા આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ વર્ષ ૨૦૨૫માં ઉતરાયણ દરમિયાન સુમુલ ડેરી રોડ પરની ઓફિસોમાંથી ૩ લેપટોપ અને ૭ મોબાઈલની ચોરી કરી હતી. આ ઉપરાંત અડાજણની એક હોસ્પિટલ અને અલથાણની ઓફિસમાં પણ હાથફેરો કર્યો હોવાનું સ્વીકાર્યું છે. આરોપી કિશન દુબે અગાઉ અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે અને પાંડેસરા પોલીસ દ્વારા તેની 'પાસા' હેઠળ અટકાયત પણ કરવામાં આવી હતી. જ્યારે આરોપી સુનીલ સાહુ પણ અગાઉ ૬ જેટલા ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે.

# ગુજરાત બાર કાઉન્સિલ ચૂંટણીમાં સુરતી સમીકરણ ગરમાયું

**સુરતના** હિત માટે સતત સક્રિય ટર્મીશ કણીયા મજબૂત વિકલ્પ તરીકે ઉભર્યાનો દાવો

સુરતઃ ગુજરાત બાર કાઉન્સિલની આવનારી ચૂંટણીમાં આ વખત સુરતી સમીકરણ મહત્વનું બન્યું છે. રાજ્યભરના વકીલ મતદારો વચ્ચે સુરત શહેરના પ્રશ્નો અને પ્રતિનિધિત્વનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં છે. આવા સમયે ટર્મીશ કણીયા મજબૂત વિકલ્પ તરીકે સામે આવી રહ્યા હોવાનો તેમના ઠેકેદારોનો મત છે.

વકીલ વર્ગમાં ટર્મીશ કણીયાના ઠેકેદારો વધુ જણાવે છે કે તેઓ સુરતના હિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપતા અને હંમેશા સ્થાનિક પ્રશ્નો માટે લડત આપતા નેતા તરીકે ઓળખાય છે. સુરતને યોગ્ય પ્રતિનિધિત્વ મળે અને ન્યાયિક સુવિધાઓમાં વધારો થાય તે માટે તેમણે વિવિધ મંચો પર રજૂઆતો કરી છે. ટર્મીશ કણીયાએ વર્ષ 2013થી "ન્યુ સાઈ લીલા ચેરીટેબલ ટ્રસ્ટ"ની રચના કરી સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને સંસ્થાગત સ્વરૂપ આપ્યું હતું. ટ્રસ્ટના નેજા હેઠળ શિક્ષણ સહાય અને તબીબી સહાય જેવી યોજનાઓ અમલમાં મૂકી ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ સુધી સહાય પહોંચાડવામાં આવી છે.

ટ્રસ્ટ દ્વારા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદ કરવામાં આવી છે. ઉપરાંત, જરૂરિયાતમંદ દર્દીઓને તબીબી સહાય પૂરી પાડવાના પ્રયત્નો પણ નોંધપાત્ર રહ્યા છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે ટ્રસ્ટ દ્વારા બે મુસ્લિમ કન્યાઓનું કન્યાદાન પણ કરવામાં આવ્યું હતું, જે તેમની સર્વધર્મ સમભાવ અને સામાજિક જવાબદારીની ભાવનાને દર્શાવે છે.

## બાર એસોસિએશનમાં અનુભવ અને નેતૃત્વ

ટર્મીશ કણીયા સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના કાઉન્સિલર તરીકે સેવા આપી ચૂક્યા છે. બારના આંતરિક પ્રશ્નો, વકીલ કલ્યાણ અને કોર્ટ વ્યવસ્થામાં સુધારા માટે તેઓ સક્રિય રહ્યા છે. સુરત જિલ્લા કોર્ટને નવી અને વિશાળ જગ્યા મળે તે માટે પણ તેમણે વ્યાપક રજૂઆતો કરી અને આ મુદ્દે લડત ઉપાડી હતી. કોર્ટ સંકુલની અછત, પાર્કિંગ, સુવિધાઓ અને વકીલ-મુવક્કિલ માટેની વ્યવસ્થા સુધરે તે માટે તેમણે વારંવાર સત્તાધીશો સમક્ષ રજૂઆત કરી હોવાનું વકીલ વર્ગ જણાવે છે.

## સુરતના હિતને પ્રાથમિકતા આપતો ચહેરો

ચૂંટણીમાં આ વખતે સુરતના વકીલો સુરતના પ્રશ્નોને રાજ્ય સ્તરે અસરકારક રીતે રજુ કરી શકે તેવા પ્રતિનિધિની શોધમાં છે. ટર્મીશ કણીયા પોતાના સામાજિક કાર્યો, બાર એસોસિએશનમાં અનુભવ અને સુરત માટેની સક્રિય ભૂમિકાને કારણે મજબૂત દાવેદાર માનવામાં આવે છે. આવતી ચૂંટણીમાં સુરતી સમીકરણ કેટલું અસરકારક સાબિત થશે તે તો પરિણામ બાદ સ્પષ્ટ થશે, પરંતુ હાલ વકીલ વર્ગમાં ટર્મીશ કણીયાનું નામ ચર્ચાના કેન્દ્રમાં છે.